ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# આંશિક રાહતથી શહેરનું બજાર ધબક્યું

**લાંબા સમયથી બંધ દુકાનોના સવારે તાળા ખુલ્યા : ટ્રાફિકના ધમધમાટ સાથે વેપાર ધંધાને અનુલક્ષી શોપિંગ બજારમાં વિશેષ ચહલ પહલ : જો કે રાત્રિના કરફ્યુના લીધે ઢળતી સાંજે સન્નાટો**











ગાંધીનગર તા ૨૧

કોરોનાના કપરા કાળમાં શહેરમાં છેલ્લા બે મહીનાથી સુનકાર પ્રવર્તયો છે. રાત્રિ કરફયુ સહીત વેપાર ધંધા માટે લગાવાયેલા પ્રતિબંધોના લીધે નગરમાં લાંબા સમયથી શોપિંગ બજારો અને માર્ગો પર સન્નાટો જોવા મળતો હતો જયારે સરકારે હવે સવારે ૯ થી બપોરે ૩ કલાક સુધી વેપાર ધંધા માટે છુટછાટ આપતા આજે સવારથી શહેરના જનજીવનમાં અનોખો ધબકાર જોવા મળ્યો હતો. સેકટરોના શોપિંગ બજારમાં ઘણાં સમયથી બંધ દુકાનોના તાળા ખુલ્યા હતા. સેકટરોના શોપિંગો સહીત મુખ્ય બજારોમાં પણ ધમધમાટ જોવા મળ્યો હતો.

રાજયમાં કોરોનાની બીજી ઘાતક લહેરના સંક્રમણને કાબુમાં લેવા માટે સરકારે છેલ્લા કેટલાક સમયથી રાત્રિ કરફયુ લાગુ કર્યો છે. કોરોનાના સતત વધતા કેસ અને મૃત્યુઆંકને ધ્યાને લઈ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ સિવાય અન્ય વેપાર ધંધા માટે પણ પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. ગાંધીનગરમાં પણ છેલ્લા દોઢ મહીનાથી કોવિડ ઈફેકટ વચ્ચે સમગ્ર જનજીવન જાણે ઠપ્પ થઈ ગયુ હોય તેવી સ્થિતિ હતી. સેકટરોમાં શોપિંગ બજારમાં સતત સન્નાટો છવાયેલો જોવા મળતો હતો. કરિયાણા, શાકભાજી અને મેડિકલ સ્ટોર્સ સિવાય અન્ય તમામ દુકાનો બંધ રહેતા નગરના શોપિંગ બજારમાં કોઈ વિશેષ ચહલ પહલ જોવા મળતી ન હતી જેના લીધે વેપારીઓને પણ આર્થિક ફટકો સહન કરવાનો વારો આવ્યો છે. લાંબા સમયના પ્રતિબંધોના અંતે ગઈકાલે સરકારે થોડી ઘણી છુટછાટ આપતા નગરના જનજીવનમાં આજે અનોખી ચેતના જાગૃત થઈ હતી. સેકટરોમાં સ્થિત શોપિંગ સેન્ટરોમાં દુકાનોના તાળા ખુલ્યા હતા. શોપિંગ વિસ્તારમાં પણ ચહલ પહલ શરૂ થઈ ગઈ હતી. જયારે માર્ગો પર ટ્રાફિકનો ધમધમાટ પણ વધ્યો હતો. સરકારે સવારે ૯ થી બપોરના ૩ વાગ્યા સુધી વિવિધ વેપાર ધંધા માટે છુટ આપતા શહેરના સેકટરામાં પણ આજે વિશેષ ધમધમાટ જોવા મળ્યો હતો. સેકટરોના શોપિંગ બજારો ઉપરાંત નગરના મુખ્ય શોપિંગ સેન્ટરોમાં પણ રોનક જોવા મળી હતી. જો કે બપોરના સમયે બજારો બંધ થઈ ગયા હતા.

હાલ રાત્રિ કરફયુ યથાવત હોવાથી બપોર બાદ સેકટરોમાં પાછો સન્નાટો પ્રવર્તાયો હતો. કોરોનાની બીજી લહેરનુ સંક્રમણ ધીમે ધીમે કાબુમાં આવી રહ્યુ છે. કેસમાં પણ સતત ઘટાડો નોંધાવાની સાથે રીકવરી રેટ પણ સુધરી રહ્યો છે. ત્યારે હજુ થોડા સમય સુધી નિયંત્રણો અમલ રાખવામાં આવે તેવી સંભાવના છે. આગામી તા ૨૭ મી સુધી રાત્રિ કરફ્યુ યથાવત રાખવામાં આવનાર છે. પરંતુ હાલ પ્રતિબધોમાં આંશિક છુટછાટ આપવામાં આવતા નગરના જનજીવનમાં નવો પ્રાણ ફુંકાયો હતો. જો કે કોરોનાના સંક્રમણથી બચવા નાગરિકો પણ વિશેષ જાગૃત બન્યા છે. ત્યારે માસ્ક સાથે સોશિયલ ડીસ્ટન્સીંગનો યોગ્ય અમલ થાય તે પણ અનિવાર્ય છે.

## જિલ્લામાં તાઉ-તે થી થયેલા નુકશાન અંગેના અંદાજો મેળવવાની કાર્યવાહી વેગીલી બની

**જિલ્લામાં ૩૭ જેટલી સરકારી ઈમારતોને પણ નાનુ-મોટુ નુકશાન થયાની વાતો : જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આવેલ ૧૮ જેટલી પ્રાથમિક શાળાઓને નુકશાન થયુ છે. નવ જેટલી સરકારી ઈમારતો અને સ્ટ્રક્ચરને નુકશાન થયુ છે અને ૮ જેટલા સરકારી દવાખાનાઓની મિલ્કતનો પણ નુકશાન થવા પામ્યુ છે**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં તાઉ-તે વાવાઝોડાની અસરો થઈ છે અને તંત્ર દ્વારા નુકશાની અંગેના પ્રાથમિક અંદાજો પણ તૈયાર કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે.

મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે જિલ્લામાં ૩૭ જેટલી સરકારી સંસ્થાઓને પણ વત્તા-ઓછા પ્રમાણમાં નુકશાન થયાની ચર્ચાઓ શરૂ થઈ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આવેલ ૧૮ જેટલી પ્રાથમિક શાળાઓને નુકશાન થયુ છે. નવ જેટલી સરકારી ઈમારતો અને સ્ટ્રક્ચરને નુકશાન થયુ છે અને ૮ જેટલા સરકારી દવાખાનાઓની મિલ્કતને પણ નુકશાન થવા પામ્યુ છે.

ગાંધીનગર અને દહેગામ તાલુકામાં સરકારી સંસ્થાઓને માણસા-કલોલના પ્રમાણમાં વધુ નુકશાન થયુ છે. જો કે નુકશાનીના પ્રાથમિક અંદાજો અગંનો અહેવાલ સોમવાર સુધીમાં તૈયાર થઈ ગયા પછી જિલ્લામાં કેટલુ નુકશાન થયુ છે તે અંગેનું ચિત્ર સ્પષ્ટ થશે તેમ જિલ્લા વહીવટીતંત્રના સૂત્રો કહી રહ્યા છે.

## બે નાયબ તા.વિ. અધિકારી અને ૧૦ ગ્રામ સેવકોને સર્વે માટે મોકલવામાં આવ્યા

**જિલ્લાના બે અધિકારીઓને ભાવનગર અને ૧૦ ગ્રામ સેવકોને અમરેલીમાં પ્રતિનિયુક્તિથી મુક્યા**

ગાંધીનગર, તા. ૨૧

રાજયમાં આવેલ તાઉતે વાવાઝોડાથી ભારે અસર પામેલા વિસ્તારોમાં સર્વેની કામગીરીમાં સ્થાનિકતંત્રને મદદરૂપ થવા માટે ૧૦ ગ્રામસેવકો અને બે આસિ. ટી.ડી.ઓ.ને ખાસ ફરજ પર મોકલી આપવાના હુકમો કરવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે બે આસિ. ટી.ડી.ઓ. કલોલ અને દહેગામના હુકમો આજે સાંજે કરવામાં આવ્યા હતા. તેમને ભાવનગર જિલ્લામાં પ્રતિ નિયુક્તી પર ૧૦ દિવસ માટે મુકવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતા ૧૦ ગ્રામસેવકોને અમરેલીમાં સર્વેની કામગીરી માટે મોકલવામાં આવ્યા છે. ગ્રામસેવકોએ આજથી તેમની ફરજો સંભાળી લીધી છે. જ્યારે બે નાયબ ટી.ડી.ઓ. કાલે બપોર સુધીમાં ફરજના સ્થળે હાજર થઈ જશે તેમ જાણવા મળેલ છે.

## જિલ્લામાં આરોગ્ય સેવાના સઘનીકરણ માટે બળદેવજી અને ચાવડાએ વધુ ગ્રાન્ટની ફાળવણી કરી

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાના કલોલ વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે આજે કલોલ તાલુકામાં આરોગ્યની સેવાઓના સઘનીકરણ માટે વધુ રૂ. ૨૨ લાખની રકમની ફાળવણી કરી છે.

જિલ્લા કલેકટરને આજે લખેલા પત્રમાં તેમણે કલોલ ખાતેની નુરે મોહંમદી હોસ્પિટલમાં નવીન ઓક્સિજન પ્લાન્ટ નાખવા ઉપરાંત, ૪ બેક-અપ મશીન, એનેસ્થેસીયા ટ્રોલી અદ્યતન સામગ્રી સાથેની અને ઈકો એમ્બ્યુલન્સ વાન અદ્યતન સુવિધા સાથેની અને એક ડેન્ટલ ચેર ખરીદવા માટે રૂ. ૨૨ લાખની ગ્રાન્ટ ફાળવી છે.

ધારાસભ્ય તરીકે તેમને મળતી ગ્રાન્ટમાંથી તેમણે આ વર્ષે જ ત્રીજીવાર ગ્રાન્ટ ફાળવણી કરી અને જિલ્લામાં આરોગ્ય સેવાઓના સઘનીકરણ માટે ભાર મુક્યો છે. અગાઉ તેમણે સૂચવેલી ગ્રાન્ટના કામો અંગેની પ્રાથમિક મંજૂરી તંત્ર દ્વારા આપી દેવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

દરમ્યાન ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ પણ આજે તેમની ગ્રાન્ટમાંથી વધુ રકમની ફાળવણી માટેનો પત્ર જિલ્લા કલેક્ટરને લખ્યો છે.

ડૉ. ચાવડાએ ભારત રત્ન રાજીવ ગાંધીની યાદમાં મોટી આદરજ પ્રા.આ. કેન્દ્ર ખાતે એમ્બ્યુલન્સની ખરીદી માટે રૂ. ૧૫ લાખની ફાળવણી કરી છે. આ ઉપરાંત રાંધેજા સ્થિત શેઠ સી.એન.એસ. સાર્વ. હોસ્પિટલ માટે પણ એમ્બ્યુલન્સ ફાળવવા રૂ. ૧૫ લાખની ફાળવણી કરી છે. રાંધેજાની આ હોસ્પિટલ માટે મલ્ટીપેરા મોનીટર, ઓક્સિજનલાઈન અને અન્ય સાધનોની ખરીદી માટે રૂ. ૧૪ લાખની ફાળવણી માટે કલેક્ટરને પત્ર લખ્યો છે.

# જિલ્લામાં ૯૯ કેસ નોંધાયા

**૨૦૮ ને ડિસ્ચાર્જ : ગાંધીનગરમાં ૧૪, દહેગામમાં ૧૪, કલોલમાં ૮, માણસામાં ૧૮ કેસ નોંધાયા : શહેરમાં સરગાસણમાં ૧૨, કુડાસણમાં ૭, કોલવડા-વાવોલમાં ૩-૩, સે. ૧૨ માં, પેથાપુર, રાંધેજા અને રાયસણમાં ૨-૨ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસની સંખ્યા આજે ૧૦૦ થી પણ નીચે ગઈ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૫૪ કેસ અને શહેરમાં ૪૫ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા એક દર્દીનું આજે સારવાર દરમ્યાન મોત થયુ છે. જિલ્લામાં આજે ૨૦૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે દહેગામમાં ૧૪, ગાંધીનગરમાં ૧૪, કલોલમાં ૮ અને માણસામાં ૧૮ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસોમાં ૨૨ મહિલા દર્દી, ૧૨ ખેડૂત, ૪ વિદ્યાર્થી તેમજ ૩ દર્દી ૨૦ થી ઓછી આયુ ધરાવતા છે. આજે નોંધાયેલા કેસોમાં ૩ દર્દીઓને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના સંક્રમણમાં ઘટાડો થતાં તંત્રએ રાહત જરૂર અનુભવી છે પરંતુ મહિલા દર્દીઓની અને નાની વયના બાળકો તેમજ કિશોરો જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે તેનાથી તંત્ર ચિંતીત છે.

દહેગામમાં આજે નોંધાયેલા ૧૪ કેસમાં ગ્રામ્ય વિસ્તારમાં દેવ. મુવાડામાં અને ચિસકારીમાં બે-બે કેસ તેમજ શક્તિપુરા, દહેગામ અર્બન, દાનાજીની મુવાડી, લાલુજીના મુવાડા, શિયાવાડા, વાસણા સોગઠી, પાલુન્દ્રા, પાટનાકુવા, રખિયાલ અને હાલીસામાંથી પણ કેસ મળી આવેલ છે.

ગાંધીનગર તાલુકામાં આજે વધુ ૧૪ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે દોલારાણા વાસણા, લિમ્બોદરા, રૂપાલમાં ૨-૨ તેમજ વાસણ ગામમાં ૩ કેસ નોંધાયા હોવા ઉપરાંત ડભોડા, નવાપુરા, સરઢવ, લવારપુર, અડાલજમાંથી પણ કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકામાં સંક્રમણ ઘટતાં તંત્રએ હાશકારો અનુભવ્યો છે. આજે વધુ ૮ કેસ નોંધાયા છે. કલોલ અર્બનમાંથી આજે પાંચ કેસ મળી આવ્યા છે. શહેરમાંથી કેસો મળતાં તંત્રએ સઘન સર્વેલન્સ અને સોશ્યલ ડિસ્ટન્સીંગના કડક અમલ માટેની સૂચનાઓ આપી છે. કલોલ અર્બન-૧ માંથી ૩ અને કલોલ અર્બન-૨ માંથી ૨ કેસ મળેલ છે. આ ઉપરાંત બોરીસણા, હાજીપુર અને આરસોડિયામાંથી કેસ મળી આવેલ છે.

માણસા તાલુકામાં આજે ૧૮ કેસ નોંધાયા છે. સમગ્ર જિલ્લામાં આજે સૌથી વધુ માણસા તાલુકામાંથી મળ્યા છે. તાલુકાના ગ્રામ્ય વિસ્તાર લોદરા, જામળા, મંડાલી, વ્યાસપાલડી ગામેથી ૨-૨ કેસ ઉપરાંત બિલોદરા, ખડાત, મહુડી, અંબોડ, પુંધરા, બાલવા, રણછોડપુરા, વાગોસણા, ધોળાકુવા ગામેથી કેસો મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ ૮૦ ટકાથી ઉપર પહોંચ્યો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૯૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૮૮૦૫ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૬૭૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૫૯૦૬ લોકોને હોમ ક્વોરેન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

એક્ટીવ દર્દીઓમાંથી મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશન હેઠળ હોવાથી તંત્રએ આવા દર્દીઓના સઘન મોનીટરીંગ માટેની તાકીદ કરી છે.

ગાંધીનગર શહેરમાં આજે નવા ૪૫ કેસ નોંધાયા છે. શહેરમાં આજે સેક્ટરોના સંક્રમણમાં ભારે ઘટાડો જોવા મળ્યો છે.

શહેરના સેક્ટરોમાં આજે ૧૦ કેસ નોંધાયા છે જ્યારે શહેરમાં સમાવાયેલ ગ્રામ્ય વિસ્તારમાં ૩૫ કેસ નોંધાયા છે. શહેરમાં આજે ૧૦ વર્ષથી નાની વયના ૪ દર્દી મળી આવ્યા છે. આજે નોંધાયેલા કેસોમાંથી ૨૪ મહિલા દર્દીઓ છે જ્યારે ૬૦ થી વધુ વય ધરાવતા નવ દર્દી નોંધાયા છે.

શહેરના સેક્ટરોમાં આજે સે. ૧૨ ખાતે ૨ કેસ તેમજ સે. ૨, ૩, ૬, ૮, ૧૩, ૨૬, ૨૩, ૩૦ માંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય અને અન્ય વિસ્તારોમાં સરગાસણમાં ૧૨, કુડાસણમાં ૭, વાવોલ, કોલવડામાં ૩-૩, પેથાપુર, રાંધેજા, રાયસણમાં ૨-૨ કેસ તેમજ ભાટ, બોરીજ, જીઈબી, રાંદેસણમાંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરમાં સંક્રમણ ઘટતાં ટેસ્ટીંગમાં પણ ઘટાડો થવા પામ્યો છે. શહેરમાં સર્વેલન્સ સઘન કરવા ઉપરાંત સોશ્યલ ડિસ્ટન્સીંગ તેમજ ફરજીયાત માસ્કના નિયમની અમલવારી માટેની સૂચનાઓ તંત્રને આપવામાં આવી છે.



શહેરમાં છેલ્લા ઘણાં સમયથી અન્ડર પાસની કામગીરી વિવાદની એરણે છે. અગાઉ અન્ડર પાસના લીધે લાંબા સમય સુધી ટ્રાફિકને ડાયવર્ટ કરી દેવામાં આવ્યો હોવાથી નગરજનો ભુલભુલૈયા સમાન માર્ગો પર ગોથે ચઢતા હતા જયારે ઘ માર્ગ બાદ હાલ ગ માર્ગ પર અન્ડર પાસની કામગીરી ચાલી રહી છે. ગ માર્ગ પર મંદ કામગીરીના લીધે આમ નાગરિકો પરેશાન છે ત્યારે વાવાઝોડા બાદ સેકટરોના આંતરિક માર્ગો પર ડગલે ને પગલે સમસ્યાઓ જોવા મળી રહી છે. ત્યારે મુખ્યમાર્ગો પણ હજુ તળાવમાં ગરકાવ થયેલા છે. ગ માર્ગ પર અન્ડર પાસની કામગીરી ચાલી રહી છે. જયાં મોટામસ ખાડામાં વરસાદી પાણીનુ તળાવ ભરાયુ છે. હજુ સુધી આ પાણી ઉલેચાયુ નથી. જે સી બી પણ આ પાણીમાં ગરકાવ થઈ ગયુ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

## એમ્ફોટેરેસીન બી ઈન્જેક્શનનો જથ્થો અમદાવાદ પહોંચ્યો

**મ્યુકોરમાયકોસિસના દર્દીઓ માટે રાહતના સમાચાર : ડોક્યુમેન્ટ સાથે આવનાર અમદાવાદ ગ્રામ્યની હોસ્પિટલના દર્દીને ઉપલબ્ધ સ્ટોક મુજબ ઇન્જેક્શનનો જથ્થો આપશે**

અમદાવાદ,તા. ૨૧

ગુજરાતમાં ધીમે ધીમે કોરોના કહેર ઓછો થતો જાય છે પરંતુ કોરોનાથી સાજા થયા બાદ મ્યુકોરમાયકોસિસના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે તાજેતરમાં જ રાજ્ય સરકાર દ્વારા મ્યુકોરમાયકોસિસને મહામારી જાહેર કરવામાં આવી છે. મ્યુકોરમાયકોસિસ કેસ વધતાં ઈન્જેક્શનની ભારે અછત વર્તાઈ રહી છે. ત્યારે મ્યુકોરમાયકોસિસની સારવારમાં વપરાતા એમ્ફોટેરેસીન બી ઈન્જેક્શનનો જથ્થો અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલ આવે ખાતે પહોંચ્યો છે. અમદાવાદ ગ્રામ્યની હોસ્પિટલમાં મ્યુકોરમાયકોસિસની સારવાર લઈ રહેલા દર્દીઓના સગા પાસેથી જરૂરી દસ્તાવેજ લઈ એમ્ફોટેરેસીન બી ઈન્જેક્શનના ડોઝ આપવામાં આવશે. અમદાવાદ સોલા સિવિલને ૧૦૦ ઈન્જેકશન હાલ જીએમએસસીએલ દ્વારા આપવામાં આવ્યા છે. ૪૦ ઈન્જેક્શન સોલા સિવિલ દ્વારા હાલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓની સારવાર માટે ઉપયોગમાં લેવાયા છે. જરૂરી ડોક્યુમેન્ટ સાથે આવનાર અમદાવાદ ગ્રામ્યની હોસ્પિટલના દર્દીના સગાને ઉપલબ્ધ સ્ટોક મુજબ ઈન્જેકશનનો જથ્થો આપવામાં આવશે. સોલા સિવિલ તરફથી દર્દીના સગાને ઈન્જેક્શન મેળવવામાં કોઈ સમસ્યા ના થાય તે પ્રકારે વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. હાલ સોલા સિવિલમાં આવેલા ઈન્જેકશનની કિંમત ૫૩૦૦ રૂપિયા જે પાવડર ફોર્મમાં છે. પાવડર ફોર્મમાં આવતા ઈન્જેક્શન માટે સામાન્ય ટેમ્પરેચરની જરૂર રહે છે. લિકવિડ ફોર્મમાં આવતા ઈન્જેક્શનને ૨ થી ૮ ડીગ્રી સુધી સાચવવાની ફરજ પડે છે. અત્રે ઉલ્લેખનીય છે કે કેન્દ્રીય રસાયણ અને ખાતર રાજ્યમંત્રી મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે એમ્ફોટેરિસીન-બીની અછત ટૂંક સમયમાં દૂર થશે. એમ્ફોટેરિસીન-બીનો ઉપયોગ મ્યુકોરમાયકોસિસ માટે થાય છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | Jaquar experience bathing | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com